જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૪/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી:- સમાચાર યાદી નં. ૮૩૧/૧૫

## પ્રેસનોટ

## સરખેજ ગાંધીનગર હાઈવે ખાતે આવેલ ઈસ્કોન મોલ સ્થિત લોકરમાંથી બે કરોડથી વધુની રોકડ ચોરી કરનાર ઈસમને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે ફરીયાદી શ્રી પરેશ બીપીનભાઈ પંડ્યા રહે. એ/૧૮, દેવનંદન એપાર્ટ મેન્ટ, ચાણક્યપુરી બ્રીજની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ નાઓએ લેખિત રજુઆત આપેલ, જે રજુઆત તા.૧૫/૪/૨૦૧૫ અગાઉ કોઈ પણ સમયે એસ.જી. હાઈવે, સેટેલાઈટ ખાતે આવેલ ઈસ્કોન મેગા મોલના બેઝમેન્ટમાં આવેલ આદીત્ય સેફ ડીપોઝીટ વોલ્ટ (ઈસ્કોન ગૃપ) માંના લોકર નં. ૪૯૨ ના ધારક શ્રી જયેશભાઈ સી. પ્રજાપતિ રહે. ૨૭, રોનક સોસાયટી, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ નાઓના લોકર નંબર ૪૯૨ નુ લોક કોઈ ચાવી વડે ખોલી તેમાંથી દસ્તાવેજો તથા રોકડની ચોરી થયેલ હોવા અંગેની આપેલ હતી, જે ફરીયાદીની રજુઆત અંગે જરૂરી તપાસ હાથ ધરવામાં આવેલ અને ફરીયાદીની રજુઆત આધારે ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે I ગુ.ર.નં. ૪૮/૨૦૧૫ ઈપીકો કલમ ૪૫૪, ૪૬૧, ૩૮૦ મુજબથી ગુનો નોંધાયેલ છે. જે ગુનાની તપાસ હાલ ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારી શ્રીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓ તપાસ ચલાવી રહેલ છે.

ઉપરોક્ત ગુનાની તપાસ દરમિયાન આરોપીએ ગુનો કર્યા સમયેની ફુટેજ દર્શાવતી સીડી, તથા ગુનાવાળી જગ્યાએ આવેલ સીસીટીવી કેમેરા દ્વારા કરવામાં આવતા વીડીયો રેકોરડીંગના ડેટા કબ્જે કરવામાં આવેલ છે. જે મુજબ આ ગુનો દેવાંશ ભરતભાઈ અમીન રહે. બી/૯૦૨, પુર્વી ટાવર, એવન સ્કુલની સામે, સુભાષચોક, ગુરૂકુળ રોડ, અમદાવાદ શહેર નાએ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવેલ છે.

તેમજ લોકર નં.૪૯૨ માંથી ચોરી થવા પામેલ છે તે લોકરના ધારક નામે જયેશભાઈ સી. પ્રજાપતિ રહેવાસી. ૨૭, રોનક સોસાયટી, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ શહેર નાઓથી તેઓના લોકરમાં રાખવામાં આવેલ રોકડ તથા કીંમતી દસ્તાવેજો અંગે માહીતી મેળવવા તેઓના રહેણાંકે તપાસ કરવામાં આવતા મળી આવેલ ન હોય જે અંગે તેઓનો સંપર્ક કરવાની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)